# ડીસામાં બેન્ક ઓફ બરોડા નજીકથી બાઈકની ઉઠાંતરી

ડીસા, તા. ૧૪

ડીસામાં ઘરફોડ ચોરીઓની સાથે સાથે વાહનચોરીની ઘટનાઓમાં પણ નોંધપાત્ર વધારો થવા પામ્યો છે તેમાંય હાઈવે વિસ્તારમાં તો વાહન ચોર ટોળકી દ્વારા છાશવારે બાઈક ચોરીની ઘટના પોલીસ ચોપડે નોંધાવા પામે છે ત્યારે વધુ એક બનાવમાં ડીસાની બરોડા બેન્ક નજીકથી એક બાઈકની ચોરી થવા પામી છે.

આ અંગેની પ્રાપ્ત વિગતો અનુસાર ડીસાના સંકલ્પ બંગલો ખાતે રહેતા અને જી.ઈ.બી.માં નોકરી કરતા નિલેશભાઈ જયંતિભાઈ પરમાર ગત તારીખ ૩-૩-૨૦ના રોજ પોતાનું બાઈક (નમ્બર જીજે-૦૮એએફ-૩૩૨૧) ડીસાની બેન્ક ઓફ બરોડા શાખા નીચે પાર્ક કરી ઉપરના માળે આવેલ બેન્કમાં પોતાના એકાઉન્ટનું સ્ટેટમેન્ટ કઢાવવા ગયા હતા પણ એકાદ કલાક બાદ પરત આવતા તેમનું નીચે પાર્ક કરેલું બાઈક ત્યાં ન દેખાતા તેમણે આસપાસ તપાસ કરી હતી તેમ છતાં તેનો પતો ન લાગતા આ મામલે તેમણે ડીસા દક્ષિણ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલોસે આ મામલે આસપાસના સી.સી.ટી.વી. ફૂટેજના આધારે તપાસ હાથ ધરી છે.

## સાબરકાંઠામાં ધો. ૧૦ અને ૧૨ની પરીક્ષામાં કોપી કેસ ન નોંધાતા તંત્રને હાશકારો

### ધો. ૧૨ના વિજ્ઞાનપ્રવાહમાં ગણિતનું પેપર

હિંમતનગર, તા. ૧૪

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધો. ૧૦ અને ૧૨ની પરીક્ષાઓ લેવાઈ રહી છે. ત્યારે શનિવારે સાબરકાંઠા જિલ્લામાં એકપણ કોપીકેસ નોંધાયો ન હોવાનો શિક્ષણ વિભાગના સુત્રોમાંથી જણાવાયું છે. શનિવારે સવારે ધો. ૧૦ માં ગુજરાતીનું પેપર હતુ. જ્યારે બપોર બાદ સામાન્ય પ્રવાહમાં મનોવિજ્ઞાન અને વિજ્ઞાન પ્રવાહમાં ગણિતનું પેપર લેવાયું હતું.

શિક્ષણ વિભાગના સુત્રોમાંથી મળતી માહિતી મુજબ સાબરકાંઠાના હિંમતનગર અને ઈડર ઝોનમાં ધો. ૧૦ ના ગુજરાતીના પેપરમાં ૬૯૯ વિદ્યાર્થીઓ હાજર જ્યારે બે વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા હતા. તેજ પ્રમાણે શનિવારે બપોર બાદ ધો. ૧૨ સામાન્ય પ્રવાહમાં મનોવિજ્ઞાનનું પેપર હતુ જેમાં કુલ નોંધાયેલા ૫૧૮૨ વિદ્યાર્થીઓ પૈકી ૫૦૫૮ હાજર જ્યારે ૧૨૪ વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા હતા. વિજ્ઞાનપ્રવાહની વાત કરીએ તો તેમાં ૭૨૨ પૈકી ૭૧૨ વિદ્યાર્થીઓ હાજર અને ૧૦ વિદ્યાર્થીઓ ગેરહાજર હતા.

# ગાંધીનગર સહિત રાજ્યમાં હજુ બેવડી ઋતુનો અનુભવ

ગાંધીનગર, તા. ૧૪

વાતાવરણમાં છેલ્લા ઘણા દિવસોથી વારંવાર પલ્ટો આવી રહ્યો છે. ક્યારેક ગરમી અનુભવાય છે તો ક્યારેક ઠંડી. તો ક્યારેક વાદળો છવાઈ જાય છે. હજુ વાતાવરણમાં વહેલી સવારે ઘણી ઠંડક અનુભવાય છે અને દિવસે ગરમી પડતા વસાહતીઓ બેવડી ઋતુના કારણે હેરાન પરેશાન થઈ રહ્યા છે.

માર્ચ મહિનો મધ્યે પહોંચ્યો હોવા છતાં હજુ આકરી ગરમીનો પ્રારંભ થયો નથી. છેલ્લા પંદર-વીસ દિવસમાં સતત બે વખત વાતાવરણમાં મોટા પલ્ટા જોવા મળ્યાં હતા. લો-પ્રેશરના કારણે ગાંધીનગર સહિત ઉત્તર ગુજરાતના ઘણા વિસ્તારોમાં કમોસમી વરસાદ પડ્યો હતો. વરસાદના કારણે વાતાવરણમાં ભારે ઠંડક છવાઈ ગઈ હતી. આ પલ્ટા બાદ હજુ આકાશમાં ક્યારેક ક્યારેક વાદળો ઘેરાઈ આવે છે. વાદળોની અવરજવર પણ સતત રહે છે. આવા વાતાવરણના કારણે હજુ શહેરમાં ઘણી ઠંડક અનુભવાય છે. ખાસ કરીને વહેલી સવારે ખૂબ ઠંડક રહેતા બહાર નીકળતા સમયે પાતળુ સ્વેટર પહેરવુ પડે છે. વળી વહેલી સવારે ઠંડા પવનો પણ ખૂબ ફૂંકાય છે. જ્યારે દિવસ ચઢતા જ સૂર્યનો તડકો તપે છે. ધીમે ધીમે તડકો વધતા ગરમી વધે છે. છેલ્લા બે દિવસથી મહત્તમ તાપમાન વધી રહ્યું છે. જે આજે ૩૨.૪ ડિ.સે. પહોંચ્યુ હતુ જ્યારે લઘુત્તમ તાપમાન ૧૬ ડિગ્રી નોંધાયુ હતુ. જેના કારણે બેવડી ઋતુનો અનુભવ થતા શહેરમાં વાયરલ ઈન્ફેક્શનના દર્દીઓ વધી રહ્યા છે.



## મોડાસા શહેરમાં મારુતિ વિકાસ મંડળની અનોખી પહેલ

મોડાસા શહેરમાં કરોડો રૂપિયાના ખર્ચે ચાર રસ્તાથી માલપુર રોડ સહયોગ ચોકડી અને ચાર રસ્તાથી મેઘરજ બાયપાસ ચોકડી સુધી ફોરલેન રોડ બનાવવામાં આવ્યો છે. અગમ્ય કારણોસર જવાબદાર તંત્ર અને રોડ નિર્માણની કામગીરી કરનાર કોન્ટ્રાકટ એજન્સીએ રોડ પર અને રોડની બાજુમાં રહેલા ઝાડ હટાવવાની તસ્દી ન લેતા રોડ પર અને રોડની બાજુમાં ઉભા ઝાડથી અકસ્માતની ભીતિ પેદા થતા આ અંગે સેવાકીય કાર્યો કરતી સંસ્થા મારુતિ વિકાસ મંડળના સદશ્યોએ આર.એન્ડ.બી. વિભાગ તંત્રને જાણ કરવા છતાં ગાઢ નિદ્રામાં પોઢેલ તંત્ર કોઈ જાનહાની થાય તેની રાહ જોતું હોય તેમ કોઈ યોગ્ય કાર્યવાહી ન કરતા શનિવારે મારુતિ વિકાસ મંડળના નિલેશ જોશી, અમિત કવિ, કિરણ ઠાકોર અને ધર્મેન્દ્રસિંહે રોડ પર અને રોડની બાજુમાં આવેલા ઝાડ પર રીફ્લેક્ટર લગાવી ઉમદા કાર્ય કરતા શહેરીજનોએ સરાહના કરી હતી.

# કોરોનાને રોકવા માટે ગુજરાત સંપૂર્ણ સુસજ્જ : વિવિધ પગલા

### રાજ્યમાં એક પણ પોઝિટિવ કેસ નોંધાયો નથી : અમદાવાદ, વડોદરામાં શંકાસ્પદ દર્દીઓ નિરીક્ષણ હેઠળ ૬૮ દર્દીઓના નમૂના લઇને તપાસ બાદથી રિપોર્ટ નેગેટિવ

અમદાવાદ, તા. ૧૪

દુનિયાના ૧૪૭ દેશોની સાથે સાથે ભારતના ૧૩ રાજ્યોમાં પણ આતંક મચાવી રહેલા કોરોના વાયરસને લઈને ગુજરાત સંપૂર્ણપણે સાવધાન છે. ગુજરાતમાં હજુ સુધી એક પણ મામલો પોઝિટિવ આવ્યો નથી. ગુજરાતમાં ૬૮ શંકાસ્પદ દર્દીઓની ચકાસણી કરવામાં આવી ચુકી છે. તમામના રિપોર્ટ નેગેટિવ રહ્યા છે. બીજી બાજુ ગુજરાતમાં અમદાવાદમાં એક, વડોદરામાં બે અને સુરતમાં એક શંકાસ્પદ કેસ સપાટી ઉપર આવ્યા છે તેમના પર નજર રાખવામાં આવી રહી છે. ગુજરાતમાં આંકડા પર નજર કરવામાં આવે તો શુક્રવાર સુધી શંકાના આધાર પર ૬૮ લોકોના નમૂના લઈને તપાસ માટે મોકલવામાં આવ્યા હતા. આમાથી તમામના રિપોર્ટ નેગેટિવ આવ્યા હતા. રાજ્યના આરોગ્ય વિભાગના કહેવા મુજબ ગુજરાતમાં શુક્રવાર સુધી આ વાયરસના એક પણ દર્દી સપાટી ઉપર આવ્યા ન હતા. ૬૮ દર્દીઓની તપાસ કરવામાં આવ્યા બાદ તમામના રિપોર્ટ નેગેટિવ રહ્યા છે. સંભવિત કોરોના વાયરસના નિયંત્રણ માટે રાજ્ય સરકાર તરફથી વિવિધ પગલા લેવામાં આવ્યા છે. એરપોર્ટ અને બંદર ઉપર આવનાર યાત્રીઓની સ્ક્રિનિંગ કરવામાં આવી રહી છે. અન્ય યાત્રીઓ ઉપર પણ નજર રાખવામાં આવી રહી છે.

અત્રે નોંધનીય છે કે, ભારતમાં કોરોના વાયરસથી ગ્રસ્ત કેસોની સંખ્યા ૮૬ ઉપર પહોંચી છે. બેના મોત થયા છે. મોટી સંખ્યામાં યાત્રીઓની તપાસ થઈ છે. બીજી બાજુ દુનિયાના ૧૪૭ દેશોમાં કોરોના વાયરસના કારણે મોતનો આંકડો ૫૦૦૦થી ઉપર પહોંચી ચુક્યો છે. આજે પણ મોટી સંખ્યામાં લોકોના મોત થયા હતા. ચીનમાં વાયરસ પર અંકુશ આવી રહ્યો છે પરંતુ ઈટાલી, ઈરાન, ફ્રાંસ, અમેરિકા, દક્ષિણ કોરિયા સહિતના દેશોમાં ખુબ ઝડપથી કેસોની સંખ્યા વધી છે. ઈટાલીમાં એક જ દિવસમાં ૨૫૦થી વધુ લોકોના મોત થઈ ચુક્યા છે.

# અમદાવાદની સીબીએસઈ શાળામાં નવું સત્ર સ્થગિત

અમદાવાદ,તા. ૧૪

કોરોના વાઈરસની ઈફેકટ હવે વિદેશની જેમ અમદાવાદ સહિત ગુજરાતના શિક્ષણ પર પણ વર્તાવાનું શરૂ થઇ ગયુ છે. ખાસ કરીને કોરોના ઈફેકટને લઇ અમદાવાદની સ્કૂલો અને શિક્ષણજગતમાં વિદ્યાર્થીઓના હિતને ધ્યાનમાં રાખીને મહત્વના નિર્ણય લેવાની ફરજ પડી છે. જેમાં આગામી દિવસોમાં શહેરની સીબીએસઈ સ્કૂલોમાં શરૂ થનારા નવા શૈક્ષણિક સત્રને હાલ પૂરતું સ્થગિત રાખવાનો અગત્યનો નિર્ણય લેવામાં આવ્યો છે. શહેરની અનેક સીબીએસઈ સ્કૂલમાં માર્ચ મહિનાથી નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થવાનો હતો. પરંતુ આ સ્કૂલોએ હાલ પૂરતું નવું સત્ર શરૂ નહી કરવાનું નક્કી કર્યું છે. આમ, માર્ચ દરમિયાન શહેરની અનેક સીબીએસઈ સ્કૂલ બંધ રહેશે. એપ્રિલમાં સ્કૂલ ક્યારથી શરૂ કરવી તે અંગે જે તે વખતની સ્થિતિ અને સરકારના માર્ગદર્શન બાદ નિર્ણય લેવામાં આવશે તેમ સૂત્રોએ જણાવ્યું હતું. જ્યારે જીએસઈબીની સ્કૂલ અંગે આજ સાંજ સુધી નિર્ણય લેવાય તેવી શકયતા છે. આ અંગે પ્રાપ્ત માહિતી અનુસાર, કોરોના વાયરસને લઈ ભારત સહિત વિશ્વભરમાં હાલ હાહાકાર મચી રહ્યો છે.

# ધનસુરાના શીકા ખાતે સરકાર આપણા આંગણે કાર્યક્રમ યોજાયો



ધનસુરા, તા. ૧૪

તા-૧૩-૩-૨૦૨૦ને શુક્રવારના રોજ અરવલ્લી જિલ્લા વહીવટીતંત્ર દ્વારા શીકા ખાતે ગુજરાત સરકાર દ્વારા નિર્ધારિત કલેકટરની અધ્યક્ષતામાં સરકાર આપણા આંગણે કાર્યક્રમ યોજાઈ ગયો. રાત્રી રોકાણ કાર્યક્રમમાં કલેકટર અમૃતેશ ઔરંગાબાદકર તથા જિલ્લા વિકાસ અધિકારી અનિલભાઈ ધામેલીયા દ્વારા ગ્રામજનોના વિવિધ ૨૧ જેટલા પ્રશ્નોના નિકાલ અર્થે વહીવટીતંત્રને સૂચક ધ્યાન દોરી કામ પૂર્ણ કર્યાનો અહેવાલ સુપ્રત કરવાની સુચના આપી હતી. ગામના ડેપ્યુટી સરપંચ બિન્કલબેન વિપુલભાઈ પટેલે ગ્રામસફાઈ અર્થે ટ્રેકટર ટ્રેલર તથા ડસ્ટબિનની જોગવાઈ કરવા કલેકટરને રજૂઆત કરી હતી.

આ તબક્કે વિધવા બહેનોને ૬૮ જેટલા વિધવા સહાય હુકમોનું સ્થળ પર જ વિતરણ કરવામાં આવ્યું હતું. કલેકટરે આ કામગીરી માટે મામલતદાર ચેતનસિંહ ઝાલા તથા ગ્રામ પંચાયત શીકાને અભિનંદન પાઠવ્યા હતા. આ કાર્યક્રમમાં તાલુકા પંચાયત ધનસુરાના પ્રમુખ કનુભાઈ પટેલ, સરપંચ મોહનભાઈ ખાંટ તથા મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. પ્રાંત અધિકારી તાલુકા વિકાસ અધિકારી તથા મામલતદાર તથા સમગ્ર વહીવટીતંત્રએ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. સરકાર આપણા આંગણે કાર્યક્રમમાં ચાલુ વર્ષ દરમિયાન વિધવા બહેનોને મોટી સંખ્યામાં સહાય મળવા બદલ શીકા ગ્રામ પંચાયતના ડેપ્યુટી સરપંચ બિન્કલબેન પટેલ, શીકા ગ્રામ પંચાયતએ મામલતદાર ચેતનસિંહ ઝાલા તથા રેવન્યુ તલાટી પવનભાઈ પંચાલ તથા કૃણાલભાઈ પટેલનો અને વહીવટીતંત્રનો આભાર વ્યક્ત કર્યો હતો.

# સાબરકાંઠા એબીવીપી દ્વારા ધો.૧૧ના વિદ્યાર્થીઓના વૈકલ્પિક વિષય માટે રજુઆત

હિંમતનગર, તા. ૧૪

સાબરકાંઠા જિલ્લામાં ધો. ૧૦ની બોર્ડની પરીક્ષા આપી ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓ પૈકી કેટલાક વિદ્યાર્થીઓએ અભ્યાસની રસરૂચી મુજબ ધો. ૧૧ના આર્ટસ પ્રવાહમાં પ્રવેશ મેળવ્યો હતો. જ્યાં વિષયની પસંદગીમાં કોમર્સ વિદ્યાશાખાનો એસ.પી. વિષય ભણાવવામાં આવે છે પરંતુ તેમાં જો વિદ્યાર્થીઓને સમજણ ન પડે તો તેના વિકલ્પ તરીકે ફિલોસોફી વિષય રાખી શકાય તેવી વિદ્યાર્થીઓની લાગણી અને માંગણીને ધ્યાનમાં રાખી સાબરકાંઠા એબીવીપીના અગ્રણીઓ દ્વારા શુક્રવારે હિંમત હાઈસ્કૂલમાં પ્રિન્સિપાલને રૂબરૂ મળી ચર્ચા કરાયા બાદ આવેદનપત્ર આપવામાં આવ્યુ હતુ. ઉપરાંત જિલ્લા શિક્ષણાધિકારીને લેખિત જાણ કરાઈ હતી. આ અંગે એબીવીપી દ્વારા અપાયેલા આવેદનપત્રમાં જણાવાયા મુજબ અત્યારે હિંમત હાઈસ્કૂલમાં ધો. ૧૧ના આર્ટસ વિભાગમાં ભણતા વિદ્યાર્થીઓને કોમર્સ સાથે સંલગ્ન એવા એસ.પી. વિષય ભણાવવામાં આવે છે. પરંતુ તેમાં અનેક વિદ્યાર્થીઓને રસરૂચી નથી જેને લઈને તેઓ આ વિષય રાખવાનું પસંદ કરતા નથી. જે અંગે કેટલાક વિદ્યાર્થીઓને એબીવીપીના કાર્યકર્તાઓને સઘળી હકિકતથી વાકેફ કર્યા હતા. ત્યારબાદ એબીવીપીના કાર્યકરો દ્વારા શુક્રવારે હિંમત હાઈસ્કૂલમાં જઈ પ્રિન્સિપાલની મુલાકાત કરવામાં આવી હતી. ત્યારબાદ પ્રિન્સિપાલે આ અંગે વિદ્યાર્થીઓને ધો. ૧૨માં પ્રવેશ મેળવ્યા બાદ વિષય બદલી આપવાની હૈયાધારણ આપવામાં આવી હતી. જોકે એબીવીપી દ્વારા આ બાબતે પ્રિન્સિપાલ અને જિલ્લા શિક્ષણાધિકારીને પણ આવેદનપત્ર આપી લેખિત જાણ કરાઈ હોવાનું એક યાદીમાં જણાવાયું છે.

## સીસી રોડ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પણ હાથ ધરવામાં આવી રહી હોવાથી આર ટી ઓ કચેરીમાં પ્રમાણમાં ભીડ જોવા મળતી નથી. જયારે આર ટી ઓના ડ્રાઈવીંગ ટ્રેક પર લાયસન્સની કસોટી માટે આવતા વાહનચાલકો ગમે ત્યારે અકસ્માતનો ભોગ બને છે. જેના લીધે આસપાસના વિસ્તારમાં પણ સલામતી જોખમાઈ છે. આવા સંજોગોમાં આર ટી ઓ સંકુલમાં સ્થિત ડ્રાઈવીંગ ટ્રેક ફરતે પતરા મુકવામાં આવશે આ ઉપરાંત ટ્રેકને પણ જરૂરી સુધારા વધારા કરાશે. જયારે આર ટી ઓ કચેરીના નિર્માણ બાદ સંકુલમાં રસ્તાનુ કામ હાથ ધરાયુ નથી. અલબત્ત દાયકાથી વધુ સમયના અંતે સંકુલના રસ્તાઓની સપાટી પણ ખરબચડી બની છે. જેને ધ્યાને લઈ આર ટી ઓ સંકુલમાં સી સી રોડ બનાવાવાની કામગીરી પણ ટુંકમાં હાથ ધરાશે. આ કામગીરીને અનુલક્ષીને અંદાજિત રૂ ૪૦ લાખનો ખર્ચ કરાશે.

## મોરપીંછના રંગ

● ચોથા પાનાનું ચાલુ

ધંધો છે. તેથી તેમાં કોઇ શક કરતું નથી. અહીં ઈશ્વરને નામે શ્રદ્ધા ને અંધશ્રદ્ધા બન્ને વેચાય છે. શિક્ષિત લોકો શ્રદ્ધા ખરીદે છે અને બાકીના અંધશ્રદ્ધા. આ બાબાઓ ઈશ્વરના નામે દુઃખી અને સમસ્યાગ્રસ્ત લોકોને ગુમરાહ કરીને એનો લાભ ઉઠાવે છે. અને જેઓ સહેજેય દુઃખી નથી. આર્થિક રીતે ખુબ જ સમૃદ્ધ છે તેવા લોકોને " જીવન કેમ જીવવું ? " આર્ટ ઓફ લિવિંગ – કલાને નામે પોતાના સામ્રાજ્યો સ્થાપે છે. તો વળી કોઈ પ્રવચનો કરીને, કથાઓ કરીને, સત્સંગ સભાઓ કરીને આ બિઝનેશ કરે છે. અને આપણે સૌ અનુયાયીઓ. ભક્તો, સેવકો કે શ્રદ્ધાળુઓના રૂપમાં એમના ગ્રાહકો છીએ. આખી દુનિયામાં આ એક જ એવો બિઝનેશ છે કે જેમાં કોઈપણ જાતની પ્રોડક્ટનું ઉત્પાદન નહીં રોકાણ નહીં, વેચાણ નહીં, સ્ટોક નહીં અને છતાંય લોકો સામેથી રૂપિયા આપીને બાબાઓનો બિઝનેશ ચલાવે છે. આવું માત્ર આપણા દેશમાં જ શક્ય બને છે. આને કારણે જ અન્ય દેશોની સરખામણીએ આપણે સામાજિક રીતે ઘણા પાછળ છીએ. આપણે જીવનનો ઘણો મોટો ભાગ આવા લેભાગુ ધાર્મિક બાબાઓની પાછળ ઈશ્વરની યાત્રાઓ પાછળ અને આશ્રમો-મંદિરો-મસ્જિદોની પાછળ ગુમાવી દઈએ છીએ.

આપણા ધર્મો અને સંપ્રદાયોના નીતિ નિયમો પણ સાવ જુદા અને વિચિત્ર છે. કોઈ સંપ્રદાયમાં સ્ત્રીઓ જ નહીં તો વળી કોઈ સંપ્રદાયમાં સ્ત્રીઓ સિવાય કોઈ નહીં. બધાના ડ્રેસકોડ જુદા, માળાઓ જુદી, ઈશ્વર જુદા, ધર્મગ્રંથો જુદા અને મંદિરો જુદા... આપણે સૌ જાણીએ છીએ કે ઈશ્વર હંમેશાં એક જ છે. આમ છતાંય આપણે ખુદ આવા જુદા જુદા બહુરૂપિયા ધર્મો-સંપ્રદાયોને સ્વીકારીને પ્રોત્સાહન આપીએ છીએ. આપણી મૂર્ખામીની હદ તો ત્યારે આવે છે જ્યારે આવા બાબા કે બાબીઓ જાહેરમાં ભક્તો સાથે અશ્લિલ ચેનચાળા કરે તો પણ આપણે એને "ઈશ્વરની લીલા" માનીને ભજીયે છીએ. હું તો મક્કમપણે માનું છું કે જે માનવીય કાર્યો કરે છે તેઓ કદી સાધુ કે સંતો, બાબા કે બાપુઓ હોઈ જ ના શકે. સાચો સંત કે સાધુ કે મહાત્મા કે બાબા તો ક્યાય જંગલોમાં પર્વતોની વચ્ચે કોઈ ઝૂંપડી બાંધીને રહેતો હોય કે કોઈ ઝાડ નીચે કે કોઈ ગૂફામાં સંતાઈને પોતાની સાધનામાં લીન હોય. એની પાસે ના તો પહેરવાના કપડા હોય કે ના બીજા દિવસનું ભોજન. ધરતીની ધૂળ એની પથારી અને આભ એનું ઓઢણ, જેઓ સાચા છે તેઓ કાં તો હિમાલયના પર્વતોની વચ્ચે છે કાં તો ગીરનારના શીખરોની વચ્ચે ક્યાંય અદશ્ય થઈને સાધના તપ કર્યા કરે છે. જેમને કોઈ ટી.વી. ચેનલોની જરૂર નથી. નથી કોઈ અનુયાયીઓની કે નથી કોઈ વૈભવોની કે પ્રસિદ્ધિની જરૂર. બાકી આજે તો સમાજમાં સૌ ચારેબાજુ પોતપોતાના મઠો, ચોકાઓ, સામ્રાજ્યો સ્થાપીને બેઠા છે. આ પણ એક મોહમાયાનો જ પ્રકાર છે. આ બધા બાબાઓ, સંતો, મહાત્માઓ, સ્વામીઓ એક મુખ્યમંત્રી જેટલી સત્તા ધરાવે છે. સુરક્ષામાં રહે છે તેમને સામાન્ય લોકો સહેલાઈથી મળી પણ નથી શકતા. સાચા સંત તો તુલસીદાસ, નરસિંહ મહેતા, દાસી જીવણ, કબીર, દયારામ, ગુરુ નાનક, રામદાસ, અમરદાસ, દાદુ દયાલ, નામદેવ, તુકારામ, મીરાબાઈ, સુરદાસ.. આ બધા સાચા સંતો – ઓલિયા છે જેમને ઈશ્વર સાક્ષાત્કાર હતા. પથ્થરની મૂર્તિમાં ઈશ્વર શોધતા આપણે એ ભૂલી જઈએ છીએ કે ઈશ્વર આપણી અંદર જ છે.

- 9426060601.india@gmail.com

## વધારો ઝીંકાયો

● અનુસંધાન પહેલાનું ચાલુ

આવ્યું છે કે, પેટ્રોલ ઉપર ખાસ એકસાઈઝ ડ્યુટી પ્રતિલીટર બે રૂપિયાથી વધારીને ૮ રૂપિયા કરવામાં આવી છે જ્યારે ડિઝલ ઉપર ડ્યુટી બે રૂપિયાથી વધારીને ચાર રૂપિયા પ્રતિલીટર કરવાનો નિર્ણય કરાયો છે. આ રીતે પેટ્રોલ અને ડિઝલ ઉપર લાગનાર રોડ સેસ પણ એક-એક રૂપિયા પ્રિતલીટર વધારીને ૧૦ રૂપિયા કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. ડ્યુટી અને રોડ સેસમાં વધારો કરવામાં આવ્યા બાદ સામાન્યરીતે પેટ્રોલ અને ડિઝલની કિંમતમાં વૃદ્ધિના રુપે સપાટી ઉપર આવે છે. જો કે, આંતરરાષ્ટ્રીય દરોમાં ઘટાડાના કારણે એડજસ્ટ થઈ જશે. કિંમતોમાં વધારો થઈ રહ્યો નથી.

## કટોકટી જાહેર

● અનુસંધાન પહેલાનું ચાલુ

છે કારણ કે, એસડીઆરએફ હેઠળ સહાયતા ઉપલબ્ધ કરાવવામાં આવશે. એવા લોકોને પણ સહાયતા આપવામાં આવશે જે લોકો આમા સામેલ છે જેના મોત રાહત અભિયાન અથવા તો તેની સાથે જોડાયેલી ગતિવિધિમાં થઈ છે તેમને પણ મદદ કરવામાં આવશે. ભારત દુનિયાના પાંચમાં દેશ તરીકે છે જે દેશે ડબલ્યુએચઓ દ્વારા જાહેર પેન્ડેમિકને આઈસોલેટ એટલે કે અલગ કરવામાં સફળતા મેળવી છે. ભારતથી પહેલા ચીન, જાપાન, થાઈલેન્ડ અને અમેરિકા વાયરસને આઈશોલેટ કરવામાં સફળ રહ્યા છે. આરોગ્ય મંત્રાલય દ્વારા આજે આ સંદર્ભમાં માહિતી આપવામાં આવી હતી. કોરોના વાયરસના કારણે દેશભરમાં ભારે દહેશત જોવા મળી રહી છે. ભારતમાં હવે મોતનો આંકડો વધીને બે થઈ ગયો છે. જ્યારે કુલ પોઝિટીવ કેસોની સંખ્યા વધીને ૮૩ ઉપર પહોંચી ગઈ છે. તમામ રાજ્યોમાં સાવચેતીના તમામ પગલા લેવામાં આવી રહ્યા છે. કેરળમાં પણ કોરોનાના ૧૯ પોઝિટવ કેસ નોંધાયા છે. કોરોના વાયરસથી ગ્રસ્ત વ્યક્તિનુ દિલ્હીમાં મોત થયુ છે. આની સાથે જ દિલ્હીમાં મોતનો પ્રથમ કેસ બન્યો છે. જનકપુરીમાં રહેનાર મહિલા આરએમએલ હોસ્પિટલમાં દાખલ હતી. મહિલા તેમના પુત્રના સંપર્કમાં આવ્યા બાદ કોરોનાના સકંજામાં આવી હતી. મહિલાને ડાયબિટીસ અને હાઈ બ્લડ પ્રેશરની પણ સમસ્યા હતી. ૬૯ વર્ષીય મહિલાનુ મોત થયુ છે. રામમનોહર લોહિયા હોસ્પિટલમાં આ મહિલા સારવાર હેઠળ હતી. આ પહેલા ગુરૂવારના દિવસે કર્ણાટકના કલબુર્ગીમાં ૭૬ વર્ષીય વ્યક્તિનુ મોત થયુ હતુ. આરોગ્ય સચિવ પ્રિતી સુદને માહિતી આપતા કહ્યુ છે કે મહિલા તેમના પુત્રના સંપર્કમાં આવી હતી. પુત્ર જાપાન, જીનેવા અને ઈટાલીમાંથી થઈને હાલમાં દિલ્હી પરત ફર્યો હતો. ગૃહમંત્રાલય તરફથી કહેવામાં આવ્યું છે કે, હાલમાં બાંગ્લાદેશની યાત્રી બસ અને ટ્રેન સેવા સર્વિસ ૧૫મી એપ્રિલ સુધી બંધ રહેશે. પોઝિટિવ આવેલા લોકોના સંપર્કમાં કોણ કોણ આવ્યા છે તેની તપાસ થઈ રહી છે.

## ઈકોનોમી

● અનુસંધાન પહેલાનું ચાલુ

તેમણે કહ્યું છે કે, સ્થિતિ ક્યારે કાબૂમાં આવશે તે અંગે કોઈપણ વાત કરવાની સ્થિતિમાં નથી. જો ત્રણ મહિનાની અંદર સ્થિતિ કાબૂમાં આવશે તો મંદી રહેશે પરંતુ ત્યારબાદ અર્થવ્યવસ્થામાં તેજી જોવા મળી શકે છે. તેમના કહેવા મુજબ જો તેના પર કાબૂ મેળવવામાં છ મહિના લાગશે તો અર્થવ્યવસ્થા પર લાંબ અસર થશે. ત્રીજી બાબત એ રહેલી છે કે, જો નવ મહિના સુધી કોરોના ઉપર કાબૂ નહીં આવે તો સ્થિતિ ૧૯૧૮-૧૯ના સ્પેનિસફ્લુ જેવી થશે જેના કારણે ૨૦ કરોડ લોકોને અસર થઈ હતી. પાંચ કરોડ લોકોના મોત થયા હતા. આજે દુનિયાભરમાં વસતીની જે સ્થિતિ છે તેમાં અબજો લોકો અસર થશે. કરોડો લોકોના મોત થશે. આર્થિક નુકસાન ખુબ મોટુ રહેશે. આ નુકસાન ૨૦૦૮માં થયેલા નુકસાન કરતા ખુબ વધારે રહેશે. તેમણે કહ્યું છે કે, જો સ્થિતિ એક વર્ષ સુધી કાબૂમાં નહીં આવે તો નાણાંકીય ક્ષેત્ર પ્રભાવિત થશે. દેવાળુ ફુંકનારની સંખ્યા વધી જશે. ઘણી બેંકો માટે લોન ખુબ ગંભીર વિષય બની જશે. આવી સ્થિતિમાં કેન્દ્ર સરકાર તથા આરબીઆઈની પોલીસ મહત્વ રાખતી નથી. અર્થવ્યવસ્થામાં આ મંદીનું નિર્ધારણ કોઈ પોલિસીથી થશે નહીં. આ બિમારી ગરમીમાં કાબૂમાં આવશે કે કેમ તેને લઈને ચર્ચા ચાલી રહી છે. અમારી પાસે માહિતી મેળવવાની કોઈ તરકીબ નથી.


## ફોરમેટ સી-૭

(રાજકીય પક્ષો દ્વારા અખબારો, સોશિયલ મીડિયા પ્લેટફોર્મ અને પાર્ટીની વેબસાઈટમાં પ્રકાશિત કરવા માટે)

પસંદગી પામેલા ઉમેદવારો બાબતમાં પડતર ફોજદારી કેસોને લગતી માહિતી તેમજ, તેમ છતાં તમને ઉમેદવાર તરીકે પસંદ કરવાના કારણે તથા શા માટે કેસ વગરના અન્ય વ્યક્તિને ઉમેદવાર તરીકે પસંદ કરવામાં નથી આવ્યા તેની માહિતી

(ચૂંટણી કમીશન દ્વારા જાહેર થયેલ સૂચનાઓ કે જે નામદાર સુપ્રીમ કોર્ટ પીટીશન (C) નંબર ૨૧૯૨/૨૦૧૮ રીટ પીટીશન નંબર ૫૩૬/૨૦૧૧માં તારીખ ૧૩.૦૨.૨૦૨૦ના રોજ જારી કરેલ હુકમના અમલીકરણ રૂપે)

**પક્ષનું નામ :- ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ**

***ચૂંટણીનું નામ :- રાજ્યસભા ચૂંટણી મતક્ષેત્ર ગુજરાત ૨૦૨૦**

**રાજ્યનું નામ :- ગુજરાત**

**(૧) મતક્ષેત્રનું નામ :– રાજ્યસભા ચૂંટણી ગુજરાત રાજ્ય ૨૦૨૦**

**ઉમેદવારનું નામ :– ગોહિલ શક્તિસિંહજી હરિચંદ્રસિંહજી**

| ક્રમ | | | |
|---|---|---|---|
| ૧. | ગુનાહિત બનાવો. | | |
| | a. | ગુન્હાનો પ્રકાર | ૧૪૩,૧૪૭,૧૪૪,૧૮૮,૩૪૧,૩૪૨, ૩૨૩,૩૩૨,૩૫૩,૫૦૪ ઈ.પી.કો |
| | b. | કેસ નંબર | કેસ નંબર ૧૦૪૬/૧૯, કોટવાલી થાના, પટણા, બિહાર. |
| | c. | કોર્ટનું નામ | ફરિયાદ તપાસના સ્ટેઈજ પર છે. કોર્ટમાં કેસ/ ચાર્જશીટ રજુ થયેલ નથી. |
| | d. | તહોમત ફરમાવવામાં આવેલ છે કે નહી? ("હા" અથવા "ના") | ના આરોપ ઘડાયેલ નથી. |
| | e. | જો સજા થઈ હોય તો સજાની તારીખ. | લાગુ પડતુ નથી. |
| | f. | જો સજા ભોગવેલ હોય તો તેની માહિતી. | લાગુ પડતુ નથી |
| | g. | અન્ય જરૂરી હોય તે માહિતી. | ભાજપની કેન્દ્ર સરકારની યુવાનોને રોજગારી આપવામાં નિષ્ફળતા, ખેડૂતોને પડતી પારાવાર મુશ્કેલી, કથળેલ અર્થતંત્ર જેવા મુદ્દાઓને લઈને બિહાર પ્રદેશ કોંગ્રેસ દ્વારા બંધારણીય અધિકાર મુજબ લોક પ્રશ્નોને વાચા આપવા રેલી કાઢવામાં આવેલ હતી. જે રેલીને પોલીસે બળ પૂર્વક રોકતા અને લાઠી ચાર્જ તેમજ ટીયર ગેસનો ઉપયોગ થતા હજારો લોકો અને પોલીસ વચ્ચે ઘર્ષણ થયેલ. આ અંગે પોલીસે પ્રદેશ પ્રમુખશ્રી તથા રેલીમાંના લોકો સામે કેસ કરેલ છે. પ્રદેશ કોંગ્રેસ પ્રમુખશ્રીએ પણ પોલીસ દમન સામે ક્રોસ કમ્પલેઈન આપેલ છે. |
| ૨. | ઉમદેવારની પસંદગી સંક્ષિપ્તમાં કારણો તેમનીલાયકાતો અને સિદ્ધિઓ. જીતી શકવાની શક્યતા સિવાયના કારણો. (૧૦૦ શબ્દો કરતા વધારે નહીં) | | (૧) ઉમેદવારની શૈક્ષણિક લાયકાત બીએસસી, એલએલબી, ડીપ્લોમા ઈન જર્નાલિઝમ અને કાયદાની અનુસ્નાતક ડીગ્રી ધરાવે છે. (૨) બિહાર અને દિલ્હી રાજ્યના કોંગ્રેસ પક્ષના પ્રભારી તથા કોંગ્રેસ પક્ષના રાષ્ટ્રિય પ્રવક્તા છે. ઉપરાંત ગુજરાત રાજ્યના મંત્રી મંડળ તથા વિધાનસભામાં વિરોધ પક્ષના નેતા તરીકે કામ કર્યાનો અનુભવ છે. નાની ઉમરે ૧૯૯૦માં ધારાસભ્ય તરીકે ચુંટાયા બાદ લાંબા સમય સુધી વિધાનસભાના સભ્ય રહેલ છે. સંસદીય પ્રણાલિકાઓના નિષ્ણાત છે. જે કેસ થયેલ છે તે કેસ જનહિતના પ્રશ્નો ઉઠાવવા નીકળેલી રેલીનાં લોકો સામેનો છે. વ્યક્તિગત રીતે કોઈ ચોક્કસ ગંભીર ગુન્હો કર્યાનો ફરિયાદમાં આક્ષેપ નથી. ક્રોસ કમ્પલેઈન પક્ષ તરફથી પોલીસ સામે પણ થયેલ છે. |
| ૩. | જેમના સામે ફોજદારી કેસ નથી તેવા અન્ય વ્યક્તિ પસંદ નહીં કરવાના કારણો | | ઉપરોક્ત ક્રમ ૨ માં દર્શાવેલ હકીકત અને અન્ય ઉમેદવારોને ધ્યાને લેતા પક્ષને સૌથી યોગ્ય ઉમેદવાર જણાતા પક્ષે તેમની પસંદગી કરેલ છે. |

**મતક્ષેત્રનું નામ :- રાજ્યસભાની ચૂંટણી (ગુજરાત રાજ્ય) ૨૦૨૦**
**ઉમેદવારનું નામ :- ગોહિલ શક્તિસિંહજી હરિચંદ્રસિંહજી**

**સહી/- (અવાચ્ય)**
**મોતીલાલ વોરા**
**જનરલ સેક્રેટરી (એડમીન)**
**ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ**